**કપડવંજનાં મહે. એડી. ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ.કપડવંજ**

**ફોજદારી પરચુરણ અરજી નં.૧૬૪/૨૦૨૨**

ફરીયાદી : ગીતાબેન નરેશકુમાર મહેશ્વરી,
ઉ.વ.પુખ્ત, ધંધો–કરીયાણાની દુકાન,
રહે.શીવ કિરાણા સ્ટોર્સ, રત્નાકર માતા રોડ,
સ્વામીનારાયણ મંદીર સામે, મુ.પો.તા.કપડવંજ જી.ખેડા

**<u>વિરૂધ્ધ</u>**

આરોપી : ફીરોજખાન યાસીનભાઈ લુહાર,
રહે.ટાઉનહોલની પાછળ, મુ.પો.તા.કપડવંજ જી.ખેડા

**<u>નેગોશીયેબલ ઈસ્ટુમેન્ટની કલમ:૧૪૨ બી મુજબ વિલંબ માફની અરજી લગત હુકમ:–</u>**

**૧.** ફરીયાદી/અરજદારનાઓએ હાલની અરજી નેગોશીએબલ ઈન્સટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ અન્વયે ફરીયાદ દાખલ કરવામાં આવેલ વિલંબ દરગુજર કરવા માટે આરોપી/સામાવાળા વિરુધ્ધ કરેલ છે. અરજદાર/ફરીયાદીનાઓએ ફરીયાદ દાખલ કરવામાં થયેલ વિલંબ થવાના કારણમાં આરોપીએ બાકી લેણાની રકમ ચુકવી આપવામાં વાયદાઓ કરી સમય પસાર કરેલ હોવાનુ જણાવેલ છે.

**૨.** આ કામના આરોપી/સામાવાળાને હાલની ફરીયાદ/અરજીની નોટીસ/સમન્સની બજવણી થતા આરોપી/સામાવાળા હાજર થયેલ છે, પરંતુ તેઓએ ફરીયાદીની સદરહુ અરજી સામે કોઈ વાંધા રજુ કરેલ નથી.

**૩.** સદરહુ કામે ફરીયાદી/અરજીની હકીકતો તેમજ રજુ કરેલ દસ્તાવેજોને ધ્યાને લેતા તેમજ ફરીયાદ દાખલ કરવામાં થયેલ વિલંબ માટેનુ જણાવેલ કારણ ધ્યાને લેતા વિલંબ દરગુજર કરવુ યોગ્ય અને વ્યાજબી જણાતુ હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરુ છુ.

## : : આખરી હુકમ : :

**૧.** અરજદાર/ફરીયાદીની હાલની અરજી/ફરીયાદ મંજુર કરવામાં આવે છે.

**૨.** અરજદાર/ફરીયાદીને નેગોશીયેબલ ઈનસ્ટુમેન્ટ એકટ અન્વયે ફરીયાદ દાખલ કરવામાં થયેલ વિલંબ દરગુજર કરવામાં આવે છે અને ફરીયાદીની નેગોશીયેબલ ઈનસ્ટુમેન્ટ એકટ અન્વયેની ફરીયાદ ફોજદારી રજીસ્ટરે લેવાનો હુકમ કરવામાં આવે છે અને આરોપી સામે ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૨૦૪ અન્વયે નેગોશીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટના ગુન્હા સબબનો પ્રોસેસ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**૩.** ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજરોજ તારીખ ૭મી ફેબ્રુઆરી સને ૨૦૨૩ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

સ્થળ:કપડવંજ
તારીખ: ૭/૨/૨૦૨૩

(વી.એલ.પરદેશી)
એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,કપડવંજ
(જજ કોડ ૦૧૦૧૩)

SAC